મહિલાઓ માટે કૃષિ લક્ષી કૌશલ્ય વિકાસ
તાલીમ કાર્યક્રમ યોજનાને વર્ષ ૨૦૧૩-
૧૪ માટે વહીવટી મંજુરી આપવા બાબત.

ગુજરાત સરકાર

કૃષિ અને સહકાર વિભાગ
ઠરાવ ક્રમાંક: બજટ-૧૦૨૦૧૨-૪૩૭૬-ક-૭
સચિવાલય, ગાંધીનગર
તા. ૦૯/૦૪/૨૦૧૩

વંચાણે લીધા:-

(૧) કૃષિ અને સહકાર વિભાગના ઠરાવ ક્રમાંક : એમઆઇએસ-૧૦૨૦૧૧-૨૯૯૮-ક.૭
તા: ૧૯-૦૪-૨૦૧૨

(૨) ખેતી નિયામકશ્રીની કચેરીનો તા: ૦૮/૦૩/૨૦૧૩ નો પત્ર ક્ર- વિતામુ/ટે.૧૪/
બજેટ/સને- ૧૩-૧૪/૧૮૫૪-૫૫/૨૦૧૩

ઠરાવ:

વધુ પેદાશી જાતો અંગે ખેડુતોને તાલીમ અને શિક્ષણ કાર્યક્રમની યોજના હેઠળ કૃષિ વિસ્તરણના ભાગરૂપે કૃષિ અને કૃષિ સંલગ્ન વિષયોની આધુનિક પધ્ધતીથી તાલીમ આપવાનું વિચારવામાં આવેલ છે. કૃષિમાં મોટા ભાગના કામો મહિલાઓ દ્વારા કરવામાં આવે છે. રાજ્યની ખેત પરીવારની આવી મહિલાઓને આધુનિક/વૈજ્ઞાનિક પધ્ધતિઓનો ઉપયોગ કરી ખેત ઉત્પાદન વધારવા માટે તાલીમ આપવા માટે વર્ષ ૨૦૧૨-૧૩માં નવી બાબત તરીકે મહિલાઓ માટે કૃષિ લક્ષી કૌશલ્ય વિકાસ તાલીમ કાર્યક્રમ યોજનાની વહીવટી મંજુરી વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક -૧ થી દર્શાવેલ ઠરાવથી આપવામાં આવેલ હતી. વર્ષ ૨૦૧૩-૧૪ ના અંદાજપત્રમાં સદર યોજના માટે રૂ.૫,૯૦,૦૦,૦૦૦/- ની બજેટ જોગવાઇ કરવામાં આવેલ છે. આ યોજનાને ચાલુ રાખવા માટેની વહીવટી મંજુરી આપવા અંગે વંચાણે લીધેલ ક્રમાંક - ૨ સામેના પત્ર અન્વયે ખેતીનિયામકશ્રી દ્વારા કરાયેલ દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

કાળજીપુર્વક વિચારણાને અંતે મહિલાઓ માટે કૃષિ લક્ષી કૌશલ્ય વિકાસ તાલીમ કાર્યક્રમ માટે સને-૨૦૧૩-૧૪ના અંદાજપત્રમાં થયેલ કુલ રૂ. ૫,૯૦,૦૦,૦૦૦/- (અંકે રૂ. પાંચ કરોડ નેવું પૂરા) ની જોગવાઇને નીચેની શરતોને આધિન રહીને આથી વહીવટી મંજુરી આપવામાં આવે છે.

<u>આ ચાલુ બાબતના અમલીકરણ માટેની શરતો અને બોલીઓ નીચે મુજબ છે.</u>

(૧) નાણાકીય ઔચિત્યના નિયમો ધ્યાનમાં રાખીને તેમના હસ્તક મુકવામાં આવેલ ગ્રાન્ટ જે હેતુ માટે તેની જોગવાઈ કરવામાં આવી હોય તે હેતુ માટે જ અને થયેલ જોગવાઈની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.

(૨) આ અંગેનું ખર્ચ સરકારશ્રી દ્વારા વખતો વખત નક્કી કરવામાં આવેલ જોગવાઈઓ અને લાગુ પડતા ધારાધોરણોને આધીન નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૩) યોજના હેઠળ કરવામાં આવેલ શરતો અને બોલીઓ મુજબ યોજનાનો અમલ કરવાનો રહેશે

(૪) સહાયકી યોજનાઓ અંગે લાભાર્થીઓ પાસે નિયત નમુનામાં અરજીઓ મેળવવાની અને અરજીઓની મંજુરીની કાર્યવાહી, અરજીની મંજૂરી અંગે સબંધિત અરજદારને લેખીત જાણ કરવાની અને ત્યાર બાદ જ સહાયની કાર્યવાહી થાય તે જોવાનું રહેશે.

(૫) સહાયકી યોજનાઓના અમલીકરણ અંગે અરજીઓની નોંધણી, અરજદારના નામ, સરનામા, કરેલ સહાયની વિગતો વગેરે માહિતી દર્શાવતા યોજનાવાર રજિસ્ટર નિભાવવાના રહેશે.

(૬) મહેકમના પગાર/ભથ્થા ખર્ચની બાબતે વિભાગે નાણા વિભાગના તા.૩-૮-૧૯૮૪ના પરિપત્ર ક્રમાંક-ખરચ-૧૦૮૪-યુઓ-૬૧-ઈ પરની સુચનાઓ મુજબ હંગામી જગ્યાઓની મુદત વધારાની/ચાલુ રાખવાની મંજૂરી મેળવી લેવાની તકેદારી રાખવાની રહેશે.

(૭) પ્રસ્તુત કામે ટેન્ડર પ્રોસેસીંગ બાબતમાં ઉદ્યોગ અને ખાણ વિભાગના ઠરાવ ક્ર.એસપીઓ-૧૦૨૦૦૫-૧૪૦૭૭. તા.૨૨-૧૦-૦૬ અન્વયે 'ઈ' ટેન્ડરીંગ બાબત કરવામાં આવેલ જોગવાઈ/સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૮) આ મંજૂરી અન્વયે જો કોઈ પણ વસ્તુની ખરીદી કરવાની હોય તો તે સરકારશ્રીના પ્રવર્તમાન ધારા ધોરણો અને નિયમોનુસાર કરવાની રહેશે.

(૯) યોજના હેઠળની બચત વર્ષના અંતે સરકારશ્રીમાં સુપ્રત કરવાની રહેશે.

(૧૦) સમગ્ર તાલીમ કાર્યક્રમ અંગે તથા યોજના અંગે સક્ષમ કક્ષાની મંજૂરી મેળવી લેવાની રહેશે.

(૧૧) આ તાલીમ કાર્યક્રમનો અમલ તમામ ખેડૂત તાલીમ કેન્દ્રો દ્વારા ખેડૂત પરીવારની મહિલાઓ માટે કરવાનો રહેશે.

(૧૨) આ તાલીમ કાર્યક્રમ અને તમામ ઘટકોનો અમલ સામેલ માર્ગદર્શિકામાં દર્શાવેલ ધારા ધોરણ મુજબ કરવાનો રહેશે.

(૧૩) આ તાલીમ કાર્યક્રમનું અમલીકરણ ખાતા દ્વારા ફાળવેલ ભૌતિક તેમજ નાણાંકીય લક્ષાંક મુજબ કરવાનું રહેશે.

(૧૪) ખેડૂત તાલીમ કેન્દ્રના અધિકારીએ તાલીમ કાર્યક્રમના દરેક ઘટકોમાં ફાળવણી કરેલ લક્ષાંકો મુજબ લક્ષાંકો પુર્ણ થાય તેનું આયોજન કરવાનું રહેશે.

(૧૫) દરેક ઘટકોમાં તાલીમ અંગેના ધારા ધોરણ મુજબ જ અમલ કરવાનો રહેશે.

(૧૬) શૈક્ષણિક પ્રવાસમાં લાભાર્થી મહિલાઓ સાથે મહિલા અધિકારી/કર્મચારીએ પ્રવાસ સાથે જોડાવાનુ રહેશે.

(૧૭) આંતરરાષ્ટ્રીય પ્રવાસની સંપૂર્ણ કામગીરી ખેતી નિયામકશ્રી કક્ષાએથી રાજ્યના આંતર રાષ્ટ્રીય પ્રવાસના પ્રવર્તમાન નિયમો મુજબ કરવાની રહેશે.

(૧૮) રાજ્ય અંદરના પ્રવાસોની મંજૂરી વિભાગીય કક્ષાએથી લેવાની રહેશે જ્યારે રાજ્ય બહારના પ્રવાસોની મંજૂરી ખેતીનિયામક કક્ષાએથી લેવાની રહેશે.

(૧૯) તાલીમાર્થીની તાલીમની જરૂરીયાત તેમની સ્થાનિક જમીનના પ્રકાર તેથી આબોહવા તથા પાક પધ્ધતિ, ઉપલબ્ધ સુવિધા, સંચાઇ વ્યવસ્થા તથા માર્કેટીંગની વ્યવસ્થા મુજબ નક્કી કરવાની રહેશ.

(૨૦) લક્ષાંકો મુજબ ઘટકવાર માસવાર આયોજન કરી ખેતી નિયામકશ્રીને મોકલવાનું રહેશે.

આ અંગેનો ખર્ચ નીચેના બજેટ સદરે ઉધારવાનો રહેશે.

મુખ્ય સદરઃ ૨૪૦૧ પાક કૃષિ વ્યવસ્થા

પેટા મુખ્ય સદરઃ ૦૦

ગૌણ સદરઃ ૧૦૯ વિસ્તરણ અને ખેડૂત તાલીમ

પેટા સદરઃ ૦૩ વધુ પેદાશી જાતો અંગે ખેડૂતોને તાલીમ અને શિક્ષણનો કાર્યક્રમ

આ હુકમો આ વિભાગની ફાઇલ ક્રમાંક બજટ-૧૦૨૦૧૩-૪૫૦-ક.૭ ક્રમાંક ની ફાઇલ ઉપર અગ્ર સચિવશ્રી (કૃષિ)ની નોંધ થી મળેલ અનુમતી અન્વયે કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

(યુ.પી.વસાવા)
સેક્શન અધિકારી
કૃષિ અને સહકાર વિભાગ.

બીડાણઃ- માર્ગદર્શિકા

પ્રતિ,

- ખેતી નિયામકશ્રી, ગુજરાત રાજય, કૃષિ ભવન, સેકટર–૧૦ / એ, ગાંધીનગર (સંબંધિત સર્વે કચેરીઓને નકલ મોકલી આપવાની વિનંતી સહ)
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજય, અમદાવાદ/ રાજકોટ
- પગાર અને હિસાબી અધિકારીશ્રી,ગાંધીનગર, અમદાવાદ
- તમામ જિલ્લા તિજોરી અધિકારીશ્રી,
- નાણાંકીય સલાહકારશ્રી(કૃષિ), નાણા વિભાગ
- બ-૧, નાણા શાખા, કૃષિ અને સહકાર વિભાગ
- સિલેકટ ફાઈલ.

# મહિલાઓ માટે કૃષિલક્ષી કૌશલ્ય વિકાસ તાલીમ કાર્યક્રમ માર્ગદર્શિકા

**પ્રસ્તાવના**

આપણા દેશમાં ૬૦ ટકા લોકો ખેતી પર નિર્ભર છે. ખેતીનો રાષ્ટ્રનાં વિકાસમાં ખુબજ મહત્વનો ફાળો છે. દેશમાં વધતી જતી વસ્તી તથા કૃષિ આધારીત ઉદ્યોગોની જરૂરીયાત માટે ખેત ઉત્પાદન વધારવાની જરૂર છે. આથી ખેત ઉત્પાદન વધારવાનાં કાર્યક્રમ પર વધારે ભાર આપવામાં આવે છે. ગુજરાત રાજ્યમાં ખેડૂતોને પ્રણાલીગત ખેતીને બદલે વૈજ્ઞાનિક ઢબે ખેતી તરફ વાળવા ભગીરથ પુરુષાર્થ કરવામાં આવે છે. જો વૈજ્ઞાનિક ખેતી પધ્ધતિ અપનાવવા ખેડૂતોને વૈજ્ઞાનિક ભલામણો અને તેની પુરતી જાણકારી મળી રહે તો તે હેતુ સિધ્ધ થઇ શકે. કૃષિ સંલગ્ન આધુનિક વૈજ્ઞાનિક પધ્ધતિઓની જાણકારી મળી રહે તે માટે તેઓને કૃષિ વિસ્તરણના ભાગ રૂપે તાલીમ આપવામાં આવે છે. અત્યાર સુધી આ પ્રકારની તાલીમ મહદઅંશે પુરૂષ ખેડૂતોનેજ લક્ષમાં રાખી આપવામાં આવે છે.

ખેતીમાં મોટા ભાગનાં કાર્યો ખેડૂત મહિલાઓજ કરે છે જેમાં ખાસ કરીને બીજ પસંદગી, બીજ માવજત, નિંદણ કાર્ય, પારવણી, સેન્દ્રીય ખાતર તૈયાર કરવું, પુરક ખાતરો આપવા, પાકની કાપણી, પાક ઉત્પાદનનો સંગ્રહ કરવો તેમજ કૃષિ સંલગ્ન કામો જેવા કે ફળોનું ગ્રેડીંગ કરવું, બળદ/દુધાળા ઢોરની દેખભાળ, દોહવુ, પશુઓના સામન્ય રોગની કાળજી, નીરણ આપવુ, કોઢની સ્વચ્છતા જાળવણી, મંડળીઓમાં દુધ ભરાવવું, દુધની વિવિધ મુલ્ય સંવર્ધન બનાવટો બનાવવી વગેરે કાર્યોમાં મહિલાઓનો ઘણો મહત્વનો ફાળો છે.

ખેતીનો વિષય હવે સમગ્ર કુટુંબમાં કૌટુબિંક વ્યવસાય તરીકે વિકસાવવાની જરૂર છે. કૃષિ વ્યવસાયમાં દરેક તબક્કે મહિલાઓ પણ પોતાનો નિર્ણાયક ભાગ ભજવે છે. તેથી તેમનું સામાજીક અને આર્થિક સ્તર ઉંચુ લાવવુ જરૂરી બન્યુ છે. મહિલાઓ અન્ય ક્ષેત્રોમાં પ્રમાણમાં ખુબજ આગળ વધી છે પરંતુ કૃષિ સાથે સંકળાયેલ ખેડૂત પરિવારની મહિલાઓનો વિકાસ થયો નથી. આથી ખેડૂત પરિવારની મહિલાઓને પણ ખેત ઉત્પાદન વધારવા વૈજ્ઞાનિક ખેતી પધ્ધતિઓ અપનાવે તે માટે તાલીમ આપવી જરૂરી છે. તેથી સરકારશ્રી તરફથી વર્ષ ૨૦૧૨-૧૩માં "મહિલાઓ માટે કૃષિ કૌશલ્ય વિકાસ તાલીમ કાર્યક્રમ" યોજના શરૂ કરેલ છે.

**કૃષિ વ્યવસાય સાથે સંકળાયેલ ખેડૂત પરિવારની મહિલાઓ માટે કૃષિ કૌશલ્ય વિકાસ તાલીમ કાર્યક્રમના ઘટકો:**

૧) મહિલા તાલીમ વર્ગ
૨) યુવા મહિલા તાલીમ વર્ગ
૩) પ્રિસિઝનલ કેમ્પ
૪) શેરીંગ વર્કશોપ કાર્યક્રમ
૫) કૃષિ મેળો
૬) રાજ્યની અંદર શૈક્ષણિક પ્રેરણા પ્રવાસ (૭ દિવસ)
૭) રાજ્યની બહાર શૈક્ષણિક પ્રેરણા પ્રવાસ (૧૦ દિવસ)
૮) આંતર રાષ્ટ્રીય શૈક્ષણિક પ્રેરણા પ્રવાસ (૧૦ દિવસ)

૧. મહિલા તાલીમ વર્ગ

કૃષિ પરિવારની મહિલાઓને ખેડૂત તાલીમ કેન્દ્ર ખાતે કૃષિ સંલગ્ન શિક્ષણ આપવા માટે ૪ (ચાર) દિવસના ટુંકા ગાળાના સંસ્થાકીય તાલીમ વર્ગ ચલાવવાનાં છે. તેમાં ૩ (ત્રણ) દિવસ ખેડૂત તાલીમ કેન્દ્ર ખાતે તાલીમ, નિદર્શન તેમજ પ્રત્યક્ષકામ શીખવવાનું રહેશે અને ૧ દિવસ નો શૈક્ષણિક પ્રેરણા પ્રવાસ (૩૦૦ કી.મી. ની અંદર) કૃષિ સંશોધન કેન્દ્ર, તાલુકા બીયરણ કેન્દ્રો, નિદર્શન પ્લોટો, પશુ સંવર્ધન કેન્દ્રો, ડેરી, નર્સરી, ગૌ શાળા, જમીન ચકાસણી પ્રયોગ શાળા, ઔષધીય પાકોના ગાર્ડન તેમજ પ્રગતિશીલ ખેડૂતોની મુલાકાત ગોઠવવામાં આવશે.

વર્ગનો ઉદ્દેશ

- ખેડૂત પરિવારની મહિલાઓને કૃષિ સંલગ્ન બાબતોમાં તેમનું મહત્વ સમજાવવું તથા તેઓની નિપુણતામાં વિકાસ કરવો.
- મહિલાઓને કૃષિ ઉત્પાદન વધારવા માટે તાંત્રિક માર્ગદર્શન પુરૂં પાડવું.
- ખેડૂત પરિવારની મહિલાઓને અધ્યતન વૈજ્ઞાનિક સંશોધનથી માહિતગાર કરવા.
- પ્રત્યક્ષ નિદર્શન દ્વારા વૈજ્ઞાનિક સંશોધનના અમલીકરણના ફાયદા સમજાવવા તેમજ અમલીકરણ માટે પ્રેરિત કરવા.
- નવા પાકો દાખલ કરવા અંગેની માહિતી પુરી પાડવી.
- ગૃહ વિજ્ઞાન વિષયો મારફત કૃષિ પેદાશોનુ મુલ્ય વર્ધન શીખવવામાં આવશે.
- પશુપાલન, દુધાળા ઢોરની માવજત, ડેરી વગેરે વિષયોને લગતા આધુનિક જ્ઞાનથી પરિચિત કરી, દુધ ઉત્પાદન વધે અને પરિણામે આર્થિક સ્તર ઉંચુ આવે તે મુખ્ય ઉદ્દેશ છે.
- એનર્જી રીસોર્સીસ (સોલર એનર્જી, બાયોગેસ વગેરે) તાંત્રિક માહિતીથી પણ માહિતગાર કરવામાં આવશે.
- પ્રગતિશીલ, આર્થિક અશક્ત, રૂઢિગત શિક્ષિત કે અશિક્ષિત બહેનોને તાલીમ આપી તૈયાર કરવામાં આવશે અને તેઓના કૃષિ સંલગ્ન બાબતોના મુંઝવતા પ્રશ્નોનું નિરાકરણ કરવામાં આવશે.
- અર્ધશિક્ષિત તેમજ શિક્ષિત ખેડૂત મહિલાઓને દૃશ્ય-શ્રાવ્ય સાધનો દ્વારા તેમજ પ્રત્યક્ષ નિદર્શનો દ્વારા તાલીમ આપવામાં આવશે.
- ખેડૂત મહિલાઓનાં સંકોચશીલ સ્વભાવને બદલી ખેતી વૈજ્ઞાનિકો અને ખેતી તજજ્ઞો સાથે જ્ઞાન તેમજ પ્રશ્નોની આપ-લે કરી ખેડૂત મહિલાઓમાં આત્મ વિશ્વાશ જગાડવામાં આવશે.

તાલીમનું સ્થળ

જે તે જીલ્લાનું ખેડૂત તાલીમ કેન્દ્ર (હાલમાં જે ખેડૂત તાલીમ કેન્દ્ર ખાતે બાંધકામ ચાલુ હોય તેવા કેન્દ્રો બાંધકામ પુરૂ ના થાય ત્યાં સુધી તાલુકા મથકે વર્ગનું આયોજન કરી શકશે).

તાલીમનો સમય

૪ (ચાર) દિવસ (૩ દિવસ ખે.તા.કે. ખાતે તાલીમ + ૧ દિવસ પ્રવાસ)

તાલીમાર્થીઓને આપવાની થતી સુવિધા

સંસ્થાકીય તાલીમમાં આવનાર તાલીમાર્થીઓને દૈનિક રૂ. ૨૦૦/- મુજબ ૩ (દિવસ)નું સ્ટાઇપેન્ડ ચુકવવાનું રહેશે. પ્રવાસ દરમ્યાન તાલીમાર્થીઓના રીફ્રેશમેન્ટ, જમવા, તેમજ ભાડાના વાહનનો ખર્ચ પ્રવાસના